


ગાંડીવ મુદ્રણાલય, કેળાપીઠ,
સુરતમાં છાપી ગાંડીવ સા-
હિત્ય મંદિર તરફથી ઇશ્વર-
લાલ વીમાવાળાએ પ્રગટ કરીઃ
સંવત ૧૯૮૭ આવૃત્તિ બીજી
કિમ્મત આનો એક

શૈલી નવી છે. આશા
છે કે બાળકોને તે ગમશે.






રમકડાંની દુકાન

ગંગુકાકાની દુકાન તો નાની સરખી, પણ તેમાં રમકડાં બહુ. હાથી ને ઘોડા ને ઉંટ, મોટર ને ઘુઘરા ને ચોર, બિલાડાં ઉંદર,—જે જોઇએ તે; બસ રમકડાંજ રમકડાં. ઉપરે રમકડાં ને નીચેય રમકડાં.

ગંગુકાકાને ગામનાં બધાંય છોરૂ ઓળખે. રમકડાં લેવાં હોય તો તેમને ત્યાં જાય ને ન લેવા હોય તો ય જાય. ગંગુકાકા ટીકડી તો સૌને મફત આપે. ખાટીમીઠી લેવા એટલાં તો છોકરાં આવે કે ન પૂછો વાત!

ગંગુકાકાનાં જેટલાં રમકડાં કોઇને ત્યાં ન

ગંચુકાકાની દુકાન



મળે. સસ્તાં પણ બહુ. બધા કરતાં ભાવ ઓછા. એને ત્યાં વેચાય પણ બહુ તો.

કેમ વેચાય તે જાણો છો ? એ રમકડાં દેખાયજ એવાં સારાં કે સૌને લેવાનું મન થઇ જાય. ગજવામાં પૈસા ન હોય તોય મન થાય.

ગંગુકાકાની દુકાનમાં એક પરી રહે. દૂર ખુણામાં એક બાકોરૂં. તે બાકોરામાંથી પરીના મહેલમાં જવાય. પરી તો રોજ રાતે મહેલમાંથી નીકળે, ને બાકોરા વાટે બહાર આવે. તે જાદુઇ લાકડી લેતી આવે ને ગંગુકાકાના રમકડાં પર ફેરવી દે—બસ, ખલાસ ! બધાંય રમકડાં જીવતાં થઇ જાય. ઉંદર, ઉંટ, હાથી, સસલો, સિપાઇ, બંદુકવાળો સૌમાં જીવ આવે. ને પછી તો સૌ કંઇ મઝા કરે કંઇ મઝા !

ને તેથીજ દહાડે પણ સૌ એવાં મઝાનાં લાગે કે જાણે વસાવીજ લઇયે !

એક દહાડો તો પરીને સહેજ મોડું થયું. રોજ ઘડીયાળમાં બારના ટકોરા ટન ટન ટન ટન થાય

કે પરીબાઇ પધારે, લાકડી ફેરવે કે બસ ખલાસ!

તે દહાડે તો છેક સાડાબારે જાદુઇ લાકડી ફરી. એકદમ સૌ જાણે ઝબકીને જાગ્યાં. રણછોડ રીંછડું બોલ્યું: અબે સાકર સસલા! કોઇ દુકાનમાં છે જે હજી!

એટલામાં પ્રેમલો પોપટ બોલ્યો: હવે જા, જા. ગંગુકાકા તો ક્યારના ગયા. મેં તેમને જતા જેયા'તા ને!

અરે પણ પેલો ઉજાસ ત્યારે શાનો દેખાય છે?—જો ને પ્રેમલા, અજવાળું અજવાળું છે ને!–રણછોડ રીંછડું ફરી બોલ્યું.

એ—જો, ઝબકારો થયો!–સાકર સસલાએ કહ્યું.

પેલો ઉલ્લુ ઉંદરડો ઉસ્તાદ કેમ દેખાતો નથી? ને બહાદુર સિપાઈ ક્યાં ભાગી ગયો?–બાબુ બગલાએ ટહુકો કર્યો.

હૂપ હૂપ કરતું એકદમ કોઇ કુદતું આવ્યું. ને રણછોડ રીંછ, સાકર સસલો, પ્રેમલો પોપટ બધાંય જાણે અજવાળાથી નહાઇ ગયાં!

હુપ ! હુપ !–અરે, એ તો ઉસ્તાદ છે ઉસ્તાદ ! –બાબુ બગલો બોલી ઉઠ્યો.

હા અલ્યા ! જોને, મોટો બેટરી લઇને આવ્યો છે ! સાકર સસલો બોલ્યો. એ ઉસ્તાદ ઉંદરડોજ હતો. તેણેજ બધા પર બેટરીમાંથી લાઇટ પાડી હતી, અને બધાંને ચમકાવ્યાં હતાં.

અલ્યા, અમે તો એવાં બીધાં !—પ્રેમલો પોપટ બોલ્યો.

એમાં વળી બ્હીવાનું શું ? હું તો પેલી વીંટી ખોળતો'તો વીંટી—ઉસ્તાદ ઉંદરડે જવાબ દીધો.

વળી વીંટી શી ને વાત શી ? તું તો કંઇ ને કંઇ ખોટાં તોફાનજ જગાવતો દેખું—રણછોડ રીંછડે ઠપકો આપ્યો.

હવે રણછોડકાકા—ઉસ્તાદ ઉંદરડો બોલ્યો: એમ ચિઢાઇ કેમ જાવ છો ? હું કંઇ ખોટું બોલતો નથી, ખરેખર વીંટી શોધું છું.

પણ વીંટી ખોઇ કોણે, કે તું શોધે છે ? તે તો કહે—શૂરસિંહ સિપાઇ બોલ્યો.

ઉસ્તાદ ઉંદરડો કંઇ બોલ્યો નહિ, પણ ઝપ દઇને ઉંચે ભીંત પર એણે અજવાળું પાડયું. તો ત્યાં એક નાનું સરખું પાટીઉં લટકતું હતું. તે પર લખેલું હતું:

ખોવાઇ છે
એક સોનાની વીંટી
શોધનારને ઇનામ

બધાં રમકડાં ત્યાં ટોળે મળ્યાં ને પાટીઉં વાંચ્યું.

પણ અલ્યા ઉસ્તાદ ! એ વીંટી ગંગુકાકાની દુકાનમાં ખોવાઇજ ન હોય તો ?–પ્રેમલા પોપટે વાંધો વાઢયો.

ઓહોહોહો ! મોટા અક્કલબાજખાં તો જુઓ !–ઉસ્તાદ ઉંદરડાએ ઠેકડીને અવાજે કહ્યું: અરે ભલા માણસ, મેં એ વીંટી અડધી તો ખોળી પણ કાઢી. તો હવે બાકીની અડધી કાલે શોધે તો ચાલશે,

—રણછોડ રીંછડે પાછી ઠેકડી કરી.

ના, ના ભાઇ, એમ શું કરોછ?—પન્ના પુતળી બોલી: ચાલોની, આપણે બધા મળીને ખોળી કાઢીએ. સૌને ઇનામ મળશે.

હું પણ મદદ કરીશ,—સાકર સસલો બોલ્યો: ઇનામમાં લાડુ મળે તો સારૂં પડે!

હસમુખ હાથી અત્યાર સુધી દૂર ઉભો ઉભો આ બધું સાંભળ્યા કરતો હતો. તે હવે પાસે આવ્યો ને બોલ્યો: તમે બધા શોધી કાઢો ને ઇનામમાં લાડુ લાપસી શું મળે છે તે મને કહેજો એટલે એક કોળીયે હું સાફ કરી નાંખીશ.

ના, ભાઇ હસમુખ, એમ ના ચાલે. જે મળે તેમાં સૌનો સરખો ભાગ!—શૂરસિંહ સિપાઇએ કહ્યું.

અરે, એ તો મશ્કરી કરે છે! એ તો છેજ એવો બટકબોલો!—પન્ના પુતળી બોલી.

હસમુખ હાથી હી હી હી કરતો હસી પડ્યો.

ચાલો ત્યારે બધા શોધવા,—એમ કહી ઉસ્તાદ

ઉંદરડે માર્યો એક કુદકો.

પછી તો બધા રમકડાંએ દોડાદોડ કરી મૂકી. પ્રેમલો પોપટ, જગુજીરાફ, સાકર સસલો, હસમુખ હાથી, રણછોડ રીંછ, બંકુ બળદ બધા આમ દોડે ને તેમ દોડે! ખાંખાંખોળા કરે, કે ક્યાંયથી વીંટી જડે છે!

થોડી વાર થઇ એટલામાં બંકુ બળદ તો ચારે પગે કુદી ઉઠયો: બોલો હર્ર હર્ર મહાદેવ! સાકર, બાબુ, હસમુખ! બધા આમ આવો, જુઓ મેં વીંટી શોધી કાઢી. ને વીંટીયે કેટલી, એક નહિ, બે નહિ પણ પાંચ પચાસ! ને બધી ખાસ્સી લાલ ને પીળી ને લીલી ને સોનેરી.

અરે, પણ ભગાના ભાઇ, વીંટી ખોવાઇ છે આખી એક, ને તું વળી પાંચ પચાસ ક્યાંથી શોધી લાવ્યો ?- ઉસ્તાદ ઉંદરડે વાંધો કાઢયો.

અરે પણ ઉલ્લુ! જો તો ખરો, પછી આગળ વાત કરને—હસમુખ હાથીએ ઉસ્તાદ ઉંદરડાને ધમકાવ્યો ને પછી તો સૌ બંકુ બળદ તરફ દોડયા.

જુએ છે તો એક નાનકડું બોખું ભરીને વીંટીજ વીંટી હતી. બોખાની બહાર પણ બે ચાર પડેલી.

આવો ભાઇ આવો, જુઓ બધાં !—બંકુ બળદે બધાને બોલાવ્યા.

ઉસ્તાદ ઉંદરડે બેટરીમાંથી અજવાળું પાડયું. ને પછી હી હી હી કરતો હસીને બોલી ઉઠયો: હર્રા હર્રા મહાદેવ ! અલ્યા બંકુ ! તું તો બળદ છે બળદ ! આ તો છત્રીમાં ભેરવવાની વીંટી ! ગંગુ-કાકા દોઢીયાની બબ્બે વેચે છે બબ્બે ! હા હા હા હા હા !

બધાં રમકડાં હસી પડયાં ને બંકુ બળદ શરમાઈ ગયો. તે ઉભી પુંછડીયે ત્યાંથી નાસીને એક ખુણામાં ભરાઇ ગયો.

એટલામાં હસમુખ હાથી બોલ્યો: અલ્યા ઉસ્તાદ ! મેં એક મનસૂબો કર્યો છે. એ વીંટીથી રમત સરસ રમી શકાશે.

શું ? પ્રેમલો પોપટ બોલ્યો.

શું ? બાબુ બગલો બોલ્યો.

શું ? રણછોડ રીંછડું બોલ્યું.

શું ? પન્ના પુતળી બોલી.

સૌ એક સામટાં પૂછવા લાગ્યાં.

હું સમજ્યો ! હું સમજ્યો !—કરતો ઉસ્તાદ ઉંદરડો કૂદવા ને નાચવા લાગ્યો.

ઓહોહો ! શી શેખી કરે છે ? બોલ ત્યારે, તું શું સમજ્યો ?—પન્ના પુતળી ઉસ્તાદના રોફથી ગુસ્સે થઈ બોલી.

કુકડીદાવ ! કુકડીદાવ !—ઉસ્તાદ ઉંદરડે તરત જવાબ આપ્યો: ગંગુકાકા કોડી પણ વેચે છે. કોડી લઇ આવું એટલે રમીયે કુકડીદાવ. વીંટી તે આપણી કુકડી.

હસમુખ હાથી કહે: ખરી વાત, મારા મનમાં પણ એજ હતું. પણ અહ્યા ચાક મળશે કે ?

હઉવે ! ચાક પણ છેસ્તો. ચાલો ત્યારે, કોણ કોણ રમે છે ? ચાર જણાજ રમશે.—શૂરસિંહ સિપાઈ બોલ્યો.

એટલામાં તો ઉસ્તાદ ઉંદરડો કુદતો કુદતો ગયો ને ક્યાંકથી ચાક લઇ આવ્યો. ચાક વડે તેણે કુકડીદાવના ખાનાં આમ પાડ્યાં:

		×		
×		×		×
		×		

બધા કહે: હું રમીશ, હું રમીશ; પણ હસમુખ હાથી ડાહ્યો હતો. તે કહે: બધા રમવા જાય તો કોઇ નહિ રમે. તેથી ચાર જણા રમે ને બીજા ચાર તેની મદદમાં રહે. બાકીનાં જુએ. એક બાજી પૂરી થાય પછી તેઓ રમે.

એ વાત કબુલ છે,–બે ત્રણ જણાએ કહ્યું.

ત્યારે પહેલી બાજીમાં હું, ઉસ્તાદ, રણછોડ રીંછ ને પ્રેમલો પોપટ.

મને આ વખતે નહિ રાખો?—પન્ના પુતળી

બોલી.

જા ભાઇ, તું રમ. હું પછી રમીશ,–કહી ઉસ્તાદ ઉંદરડે પોતાની રમત જતી કરી. કેવો ભલો ?

પછી ચાર ખાનામાં ચાર ચાર જુદા જુદા રંગની વીંટી મૂકી હસમુખ ને રણછોડ ને પન્ના ને પ્રેમલો પોપટ રમવા બેઠાં.

એટલામાં ઉસ્તાદ બોલ્યોઃ યાર, મને એક નવી વાત સૂઝે છે. હારેજીતે તેનું શું ? હારે તેને કંઇ સજા થવી જોઇએ.

ના ભાઇ ! બાજી હારે ને બાજી જીતે. તેમાં વળી સજા શી ને ઇનામ શું ?—પન્ના પુતળી બોલી પડી. તે બીચારીને હારી જવાનો ડર હશે, નહિ વારૂ ?

પણ હું સજા કહું તે તું સાંભળની ! નાહક શું રડી પડે છે ?—ઉસ્તાદ ઉંદરડે જરા ઠેકડી ઉડાવી.

શું ભાઇ શું ?—બે ચાર જણા બોલી પડ્યાં.

હારે તે પાછલે પગે પચીસ ડગલાં ચાલે—હસમુખ હાથી બોલ્યો.

ના. હું બોલું છું તે વાક્ય પચીસ વાર બોલે:

સુપડામાં સાનીવાની વાની મેલી સાની ખાઉં
તાડ ઉપર કાગ બેઠો ઉતર કાગ તાડ ખાઉં

જેટલી વાર ભુલ પડે તેટલીવાર ફરી બોલવું પડે.—ઉસ્તાદ ઉંદરડે નવી ગમ્મત કાઢી.

હા હા! એ તો પેલી 'કચુંબર'ની ચોપડીમાં છે! ગંગુકાકાનો કીકો તે દિવસે વાંચતો'તો!—પ્રેમલો પોપટ બોલી ઉઠયો.

મેં એવું નવું બનાવ્યું છે, જો!—એમ બોલતો બંકુ બળદ ખુણામાંથી દોડી આવ્યો:


ડાલુ મૂકી લાડૂ લેતાં લાડુ ડાલું પડી ગયાં!

એ પણ ઠીક છે! તું તો મહાદેવનો પોઠીયો! તને લાડુ સિવાય બીજું સૂજે શું?—શૂરસિંહ સિપાઇ બોલ્યો.

ચાલો ત્યારે, કબુલ છે?

ચારે જણુ બોલ્યાં: કબુલ છે. પણ બંકુવાળુ બોલીશું.

ઠીક ત્યારે. શરત નક્કી. હારે તે પચીસ વાર



બંકુવાળું વાક્ય બોલે—ઉસ્તાદે કહ્યું.

એટલે તો પન્ના પુતળી બોલી જોવા લાગી: લાડુ મૂકી ડાલુ લાડુ ડાલુ લેતાં પડી ગયાં! આ તો કંઇ બોલાતું નથી ભાઇ.

તેજ ખુબી છે ને!—બંકુ બળદે મલકાતાં મલકાતાં જણાવ્યું.

પછી તો બાજી રમાવા માંડી. ચારે કોડી

ચત્તી પડે તો ચાર ગણે. ઉંધી પડે તો આઠ ગણે. ચાર કે આઠ પડે તો ફરી કોડી નાખવાની. તે ને તે રકમ ત્રણ વાર આવે તો બધી રકમ ફોક.

હસમુખ ઠરેલ રીતે ને સારૂં રમતો હતો. પન્ના પુતળી ડરતી ડરતી ચાલે. પ્રેમલો પોપટ ઝપાટાભેર ચલાવે, ને બાબુ બગલાની તો રકમજ બરાબર ન આવે ને! હાથી ને પુતળી બે ભેરૂ હતા. પોપટ ને બગલો ભેરૂ હતા.

છેવટ બાજી પૂરી થઇ. પોપટ ને બગલો હારી ગયાં. હસમુખ ને પુતળી હસવા ને કુદવા લાગ્યાં. પણ બિચારા હસમુખથી ભારે શરીરે બરાબર કુદાતું ન હતું!

પ્રેમલો પોપટ બોલવા લાગ્યો: લાડુ લેતાં ડાલુ મુકી ડાલુ લાડુ ગબડી ગયાં!

એમ નહિ, જો!—બંકુએ ફરીથી બોલી બતાવ્યું.

પોપટ કહે: બહુ અઘરૂં બોલવાનું છે જો ભાઇ.

પછી એ ધીરે ધીરે ચીપી ચીપીને બોલ્યો, એટલે બરાબર બોલાયું.

એ પાંચેક વાર બોલ્યો હશે એટલામાં તો ફ્રર ફ્રર ફ્રર ફ્રર ફ્રર અવાજ થયો ! ને એકદમ બધું અજવાળું અજવાળું થઇ ગયું. બધાં રમકડાં નાચી ઉઠ્યાં: પરી આવી છે ! પરી આવી છે ! ખાવાનું તો લાવી છે. પરી તો આવી છે !--એમ બોલવા લાગ્યાં.

સાચેજ પરી ત્યાં આવીને ઉભી રહી. તે બોલી: કેમરે પોરીયાંઓ ! ગમ્મત પડી કે ?

હઉવે ! બહુ ગમ્મત પડી.--ઉસ્તાદ ઉંદરડો બોલી ઉઠ્યો.

બોલો, આજે શું ખાવું છે ?

પ્રેમલો પોપટ કહે: મરચાં, જમરૂખ.

ઉંદરડો કહે: ભજીયાં, લાડુ, દરાખ !

હાથી કહે: લાડુ, લાડુ. એમ બધાં બૂમાબૂમ કરી ઉઠ્યાં.

આજે તો દરાખ મળશે, કહી પરીએ તો સિસોટી પાડી એટલે બધો વરસાદજ વરસાદ ! નર્યો દ્રાખનોજ વરસાદ.

બધાં રમકડાં લુંટવા પડ્યાં.

એવામાં શુરસિંહ સિપાઈની નજર બારણાં તરફ પડી. તેને કંઈ અજવાળું દેખાયું. બહાર કુંચીનો અવાજ સંભળાયો. તે બોલી ઉઠયો: ભાગો ભાઇ ભાગો ! ગંગુકાકો આવ્યો છે. ચાવીથી ઉઘાડે છે. ભાગો રે ભાગો !

બધાં રમકડાં ચમકી ગયાં. પરીબાઇ પણ ચમકી ગયાં. ચડપ લઇને લાકડી ફેરવી. બધાં રમકડાં ઠેકાણે જઇ ગુપચુપ બેસી ગયાં. જાણે કશામાંજ નથી. નહિ હાલે નહિ ચાલે ! જીવ આવેલો જતો રહ્યો.

ગડપ લઇને પરીબાઇ પણ દરમાં ઝટપટ પેંસી ગયાં.

તાળું ઉઘડયું. આગળો ઉઘડયો. ગંગુકાકા અંદર આવ્યા.

બધું સૂમસામ ! પૈસાની થેલી રહી ગયલી. ગંગુકાકાને ઘેર યાદ આવ્યું, તેથી લેવાને આવ્યા'તા !

સમાપ્ત




મોતીના દાણાનું એક ચિત્ર

પુષ્પ) નું (૧૭ મું

પોપટ મરી ગયો, ભિખો ભિખારી, મણિનો કનુ, લીલુ ને નીલુ વગેરે અનેક રમુજી ઘરગથ્થુ વાતો. બાળકોનાં રમકડાંઓની ને ચાલાકીની ગમ્મત ભરેલી કથાઓ. મોટા હરફ. પુષ્કળ ચિત્રો કિં. ૦–૬–૦

સચિત્ર બાળવાર્ષિક



મધપૂડો



રસભરી કવિતાઓ........

ભાડકાઓ...............

પરીઓની વાતો.........

વિજ્ઞાનની રમુજો.........

નવી નવી રમતો.........

ઇતિહાસકથાઓ..........

પ્રેરક ચરિત્રો, સમસ્યાઓ

કોયડા..................

અને....................

એવું બીજું ઘણુંયે.......

વળી પાને પાને.........

ચિત્રો તો ખરાંજ.

૦—૧૨—૦

આજે જ વસાવો

ગાંડીવ



નવા યુગનાં રમકડાં

સેટ ૧ લો

૧	ટારઝનની ત્રણ વાતો	૦—૫—૦
૨	અફલૂ	૦—૬—૦
૩	બિરબલનો બન્ધુ	૦—૮—૦
૪	મૂરખરાજ (ટારઝન)	૦—૮—૦
૫	નીલમ	૦—૬—૦
૬	[illegible] અને [illegible]	૦—૪—૦
૭	[illegible] (૧)	૦—૧૨—૦
૮	[illegible]	૦—૬—૦
૯	[illegible]	૦—૪—૦
૧૦	જાદુઈ [illegible]	૦—૪—૦
૧૧	[illegible]	૦—૪—૦
૧૨	[illegible]	૦—૪—૦
૧૩	[illegible]	૦—૬—૦
૧૪	[illegible]	૦—૩—૦
૧૫	[illegible]	૦—૪—૦
૧૬	[illegible]	૦—૬—૦
૧૭	[illegible]	૦—૪—૦
૧૮	[illegible]	૦—૪—૦
૧૯	[illegible]	૦—૩—૦
૨૦	[illegible]	૦—૩—૦
૨૧	[illegible]	૦—૪—૦
૨૨	[illegible]	૦—૬—૦
૨૩	હાથી [illegible]	૦—૧—૦
૨૪	[illegible]	૦—૩—૦
૨૫	સોયુગાંની [illegible]	૦—૪—૦
૨૬	[illegible] રાજ	૦—૧—૦
૨૭	રમકડાંની દુકાન	૦—૧—૦
૨૮	જાદુઈ જમરૂખ	૦—૧—૬
૨૯	મકનો મસ્તાનો	૦—૧—૬
૩૦	અંગાળી બિરબલ	૦—૬—૦

પોસ્ટેજ ઝુ. ૧I. સ્ટેશનવાળા માગે રેલ્વે પાર્સલ સસ્તું પડે.

સેટ બીજો:

૧	બુલબુલામણિ	૦)—
૨	સવાકાણી આપવીતી	૦)—
૩	ખોટી ખોટી વાતો	૦I
૪	સિપાઈદાદા	૦)=II
૫	મધપૂડો	૦III
૬	[illegible]	૦I—
૭	[illegible]	૦)=
૮	[illegible]	૦I
૯	[illegible]	૦I
૧૦	[illegible]	૦)=

નવાં રમકડાંઓ તૈયાર થાય છે.

મોટાં બાળકો-કુમારો માટે

[illegible]	૦I—
[illegible]	૩II
[illegible]	૨)
[illegible]	૧.
પાંડવગુપ્તનિવાસ	૦III
પાંચણું	૦I—